નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



12

નવા મિત્રો



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ


12


અનુવાદ:દીપ્તિ રાજુ

નવા મિત્રો

ચિત્રો:બોરિસ કૈલાશીન







કોર્નફ્લાવર બહાર ગયા પછી થોડા સમય સુધી નજાનૂ શાંતિથી પથારીમાં પડ્યો રહ્યો.પછી તેને તે ઢીંગલી યાદ આવી અને તેને યાદ આવ્યું કે તે જાણવા માંગતો હતો કે તેમાં શું ભરેલું છે. તે ઊઠવા જતો હતો, એટલામાં તેને દરવાજાની બહાર પગલાંનો અવાજ સંભળાયો અને કોઈ લોકો ધીમા અવાજમાં વાત કરતાં હોય એવું સાંભળ્યું.

"એ ક્યાં છે?"

"અંદર છે."


"શું કરી રહ્યો છે?"


"પથારીમાં પડ્યો છે."

"મરી ગયો?"


"મને એવું લાગતું નથી."

"મને જોવા દે."
"ના, નહીં!"
નજાનૂએ દરવાજા તરફ જોયું. તેને એવું લાગ્યું કે કોઈ ચાવીના છિદ્રમાંથી અંદર ઝાંખી કરી રહ્યું છે.
"જરા ખસ ને, લોભિયા! તારી જેટલી જ મને પણ અંદર જોવાની ઉતાવળ છે," કોઈએ ધીમા અવાજે કહ્યું.
ત્યાર પછી બંને વચ્ચે ધક્કામુક્કી થતી હોય એવા અવાજો આવવા લાગ્યા.
"હું નહીં ખસું. તું તો મને લોભિયો કહી રહ્યો હતો!"
"ધક્કો ન માર!" કોઈ ગુસ્સાથી બોલ્યું. "જો ફરી એક વાર ધક્કો માર્યો તો હું તારા વાળ ખેંચી લઈશ!"
"અને હું પણ તારા વાળ ખેંચીશ, સાથે એક લાત પણ મારીશ!"
નજાનૂને ખૂબ જ ઉત્સુકતા થઈ કે બહાર કોણ છે.
તે તરત જ પથારીમાંથી કૂદી પડ્યો અને દોડીને દરવાજો ખોલી નાખ્યો.
દરવાજો જોરથી ખુલતાં જ કોઈ વસ્તુ સાથે અથડાયો.






"અરે ઓહ!" એમ હાંફતાં બે છોકરી-માઇટ્સ એકબીજાથી દૂર ખસી ગઈ અને પોતાના માથા પકડી લીધા.
એકના એપ્રન જેવા કપડાં પર લીલા સસલાંનું ભરત ભરેલું હતું, જ્યારે બીજીના એપ્રન જેવા કપડાં પર લાલ ખિસકોલીનું ભરત ભરેલું હતું.
થોડી ક્ષણ માટે તેઓ ડરી ગયેલી નજરે નજાનૂ તરફ જોતી જ રહી.
પછી તેમણે આંખો પલકાવી, જોરજોરથી રડવા લાગી અને દરવાજાની જમણી બાજુ આવેલી સાંકડી લાકડાની સીડીઓ ચઢીને ઉપર દોડી ગઈ.
"હૂં... હૂં...!" એમ રડતી એક છોકરી, જેના માથાની બંને બાજુએ બે નાની ચોટલીઓ હતી.
"હૂં... હૂં...!" એમ બીજી છોકરી પણ રડવા લાગી. તેના માથાના એકદમ ઉપરના ભાગે મોટું વાદળી રંગની રિબિનનું ફૂમતું બાંધેલું હતું.




નજાનૂએ પોતાના કાનની પાછળ ખંજવાળ્યું.
"અરે, આ તો મોટી મુશ્કેલી થઈ ગઈ!" તે બબડ્યો. "લાગે છે કે દરવાજો ખોલતાં મેં બિચારી બંનેને જોરથી વાગાડી દીધું."
આ અજાણ્યા ઘરમાં ફરી કોઈ તોફાન ન થઈ જાય એના ડરથી તે પાછો પથારીમાં જઈને સૂઈ ગયો અને જાણે ઊંઘતો હોય એવો ઢોંગ કરવા લાગ્યો.
થોડી વારમાં દરવાજો ધીમેથી ખુલ્યો અને બીજી એક છોકરી-માઇટ અંદર ઝાંખી કરવા આવી. તેના વાળ વાંકડિયા હતા, નાનો ચંચળ ચહેરો, અણીદાર નાક અને તોફાની ચમકતી આંખો હતી.
"ધક્કાબાજ! ધક્કાબાજ!" તેણે નજાનૂ તરફ જોઈને બૂમ પાડી.
નજાનૂ તો એકદમ ચોંકી ગયો અને પથારીમાં સીધો બેઠો થઈ ગયો.

"કેવી ઘમંડી છોકરી છે!" તેણે તિરસ્કારથી બબડ્યું.
તે ફરી માથું ઓશીકા પર મૂકીને ઝોકું લેવા જતો હતો, એટલામાં દરવાજો ધડાકાભેર ખુલ્યો અને ફરી એ જ વાંકડિયા વાળવાળી છોકરી દેખાઈ.
"ધક્કાબાજ!" તે હસતાં બોલી. "તું તો બહુ જ મોટો ધક્કાબાજ છે! હા... હા... હા!"
એટલું કહી તેણે તરત જ દરવાજો ધડામથી બંધ કરી દીધો.
નજાનૂ તરત જ પથારીમાંથી કૂદ્યો અને દોડીને બહારના હોલમાં ગયો, પરંતુ ત્યાં કોઈ દેખાયું નહીં.
"જરા ઊભી રહે! હવે હું તને બતાવું!" તેણે ગુસ્સાથી ધમકી આપી.
ટેબલ પર પડેલી લાકડાની ફૂટપટ્ટી(રૂલર) તેણે હાથમાં લીધી અને દરવાજાની પાછળ સંતાઈ ગયો.
તેને બહુ રાહ જોવી ન પડી.
થોડી જ વારમાં હોલમાંથી કોઈના પગલાંનો અવાજ સંભળાયો.
નજાનૂએ ફૂટપટ્ટી ઊંચી ઉછાળી.
દરવાજો ખુલ્યો...
અને ફૂટપટ્ટી જોરથી નીચે આવી.



"તે મને ફૂટપટ્ટીથી કેમ માર્યું?" તેણીએ પોતાનું માથું પકડીને રડતાં કહ્યું. "હવે તો મારા કપાળ પર મોટો ઢીમચો પડી જશે!"
"કદાચ નહીં પડે," નજાનૂએ હાથમાં ફૂટપટ્ટી ફેરવતાં થોડા સંકોચથી કહ્યું.
"પડશે જ! ચોક્કસ પડશે! તને ખબર નથી, મારી ત્વચા કેટલી નાજુક છે. મને તો કોઈ પીંછાથી પણ મારે તો પણ ઢીમચો પડી જાય!" તેણીએ ફરિયાદ કરતાં કહ્યું.
"ચાલ, તેના પર પ્લાસ્ટર લગાવી દઈએ," નજાનૂને અચાનક વિચાર આવ્યો. "તું દવાવાળાની દુકાનમાંથી પ્લાસ્ટર લાવી હતી ને?"
"હા, પણ એ તો હું તારા માટે લાવી હતી."
"એમાંથી આપણાં બંનેનું કામ થઈ જશે," નજાનૂ બોલ્યો.
તેણે કાતર લઈને પ્લાસ્ટરને ચાર ટુકડામાં કાપી નાખ્યું.
"જલ્દી કર," કોર્નફ્લાવરે કહ્યું. "અહીં લગાવ... અહીં!"
તેણીએ માથું નમાવ્યું અને જ્યાં વાગ્યું હતું ત્યાં આંગળીથી બતાવ્યું.
નજાનૂએ ત્યાં પ્લાસ્ટર ચોંટાડ્યું, પરંતુ તે થોડું વાંકું લાગી ગયું હોવાથી તેણે તરત જ કાઢી નાખ્યું.
"અરે, જરા ધીમેથી!" કોર્નફ્લાવરએ ચીસ પાડી. "દુખે છે!"
"હવે બરાબર છે," નજાનૂએ પ્લાસ્ટર સીધું ચોંટાડી દીધા પછી કહ્યું.
કોર્નફ્લાવર દોડીને અરીસા પાસે ગઈ.
"બરાબર છે, એમ કહે છે! જો કોઈ મને કપાળ પર આ પ્લાસ્ટર લગાવેલી જોઈ લેશે તો શું કહેશે! ચાલ, હવે તારો ખભો બતાવ. ક્યાં વાગ્યું છે?"
એમ કહી કોર્નફ્લાવરે તેના ખભા પર પણ પ્લાસ્ટર ચોંટાડવાનું શરૂ કર્યું.
"મારો ઈરાદો તને મારવાનો નહોતો," નજાનૂ ધીમેથી બોલ્યો.
"તો પછી કોને મારવાનો હતો?"
નજાનૂને વાંકડિયા વાળવાળી છોકરી વિશે બધું કહી દેવાનું મન થયું, પરંતુ તેને લાગ્યું કે એવું કરવું એટલે તેની ફરિયાદ કરવી. એટલે તે ચૂપ રહી ગયો.



"અરે, કોઈને નહીં," નજાનૂ બોલ્યો. "હું તો બસ એ જ જોવા માગતો હતો કે આ ફૂટપટ્ટીથી મારીએ તો કેવું વાગે."
"તમારા બધા છોકરા-માઇટ્સને તો બસ બીજાને મારવાની જ પડી હોય છે. પણ પોતે માર ખાવો પડે તો જરાય ગમતું નથી. શું હસે છે? મારા કપાળ પરનું આ પ્લાસ્ટર એટલું રમૂજી લાગે છે શું?"
એમ કહી કોર્નફ્લાવર ફરી અરીસા સામે જઈને ઊભી રહી.

"હા, ખરેખર થોડું રમૂજી તો લાગે છે," તેણે સ્વીકાર્યું.
"તેને ગોળ આકારમાં કાપી દે. કદાચ પછી સારું લાગશે," નજાનૂએ સલાહ આપી.
કોર્નફ્લાવરે પ્લાસ્ટર કાઢ્યું, તેને ગોળ આકારમાં કાપ્યું અને ફરી કપાળ પર ચોંટાડી દીધું.
"હવે કેમ લાગે છે?" તેણે નજાનૂ તરફ ફરીને પૂછ્યું.
"અરે વાહ! હવે તો બહુ સારું લાગે છે. મને તો લાગે છે કે આ તને ખૂબ જ શોભે છે," નજાનૂ બોલ્યો.
કોર્નફ્લાવરે આંખો થોડી મીંચી અને અરીસામાં પોતાને ધ્યાનથી જોવા લાગી.
પછી તેણે કહ્યું,
"હવે મને મારો શર્ટ અને પાયજામો પાછો આપ."નજાનૂએ કહ્યું.
"તું પહેલાં સારી રીતે મોઢું-હાથ ધોઈ લે, પછી આપું," કોર્નફ્લાવરે જવાબ આપ્યો.
ત્યાર પછી કોર્નફ્લાવર નજાનૂને રસોડામાં લઈ ગઈ. ત્યાં તેને બેસિન બતાવ્યું, સાબુ અને દાંત સાફ કરવાની પેસ્ટ રાખેલી એક છાજલી બતાવી, અને ખીલી પર લટકાવેલો ટુવાલ પણ બતાવ્યો.




"આ લે, આ ટૂથબ્રશ અને ટૂથપેસ્ટ. હવે દાંત સાફ કર," એમ કહી કોર્નફ્લાવરે તેની તરફ ટૂથબ્રશ લંબાવ્યું.
"મને ટૂથપેસ્ટ બિલકુલ પસંદ નથી," નજાનૂ બબડ્યો.
"એમ કેમ?" કોર્નફ્લાવરે પૂછ્યું.
"એનો સ્વાદ બહુ ખરાબ હોય છે."
"પણ તારે એને ખાઈ નથી જવાની."
"તોય એ જીભમાં બળતરા કરે છે."
"એ તો થોડી વાર જ રહે છે."
નજાનૂએ ટૂથબ્રશ લીધું અને મન ન હોવા છતાં એક-બે વાર દાંત પર ફેરવ્યું. પછી તેણે થૂંકી નાખ્યું અને મોઢું બગાડ્યું.
ત્યારબાદ તેણે પાણીથી કોગળા કર્યા અને સાબુ વડે હાથ ધોયા.
હાથ ધોઈ લીધા પછી તેણે સાબુ પાછો છાજલી પર મૂકી દીધો અને માત્ર પાણીથી જ મોં ધોવા લાગ્યો.
"અરે નહીં! મોં પણ સાબુથી જ ધોવું પડે," કોર્નફ્લાવરે કહ્યું.
"અરે જવા દે!" નજાનૂ બોલ્યો. "તને શું લાગે છે કે હું મારી આંખોમાં સાબુ જવા દઉં?"





"સારું, તો જ્યાં સુધી તું સાબુથી મોં નહીં ધોઈ લે, ત્યાં સુધી હું તને તારાં કપડાં પાછાં નહીં આપું!" કોર્નફ્લાવરે આખરે કડક અવાજમાં કહ્યું.
હવે નજાનૂ પાસે બીજો કોઈ ઉપાય નહોતો.
તેણે મોં પર સાબુનું ફીણ લગાવ્યું, પરંતુ તરત જ શક્ય તેટલી ઝડપથી તેને ધોઈ નાખ્યું.
"બ્... બ્... બરરર!" તે ધ્રૂજતો બોલ્યો. "કેટલું ઠંડું પાણી છે!"
બે-ત્રણ છાંટા માર્યા પછી તેણે આંખો ખોલ્યા વગર જ બંને હાથ આગળ લંબાવ્યા અને દીવાલ પર ટટોળવા લાગ્યો.
"શું શોધી રહ્યો છે?" કોર્નફ્લાવરે હસવાનું રોકતાં પૂછ્યું.
"ટ... ટ... ટુવાલ," ઠંડીથી ધ્રૂજતા નજાનૂએ જવાબ આપ્યો.
"આંખો બંધ રાખીને તું ટુવાલ કેવી રીતે શોધી શકીશ? આંખો તો ખોલ!" કોર્નફ્લાવરે કહ્યું.



"અને પછી આંખોમાં સાબુ ભરાઈ જાય તો?" નજાનૂ બોલ્યો.
"જો તે સાબુ બરાબર ધોઈ નાખ્યો હોત, તો એવું ન થાત,"
કોર્નફ્લાવરે જવાબ આપ્યો.
કોર્નફ્લાવરે ખીલી પરથી ટુવાલ ઉતારીને તેને આપ્યો.
નજાનૂએ લગભગ પાંચ મિનિટ સુધી ટુવાલથી પોતાનું મોં સારી રીતે લૂછ્યું. ત્યાર પછી જ તેણે આંખો ખોલી.



"હવે તો તું ઘણો વધુ સ્વચ્છ અને સુંદર દેખાય છે," કોર્નફ્લાવરે કહ્યું.
પણ જ્યારે તેની નજર ટુવાલ પર રહી ગયેલી ધૂળ-માટીની લીટીઓ પર પડી, ત્યારે તે બોલી,
"આ વખતે તો મેં તારી સાથે ઘણી નરમાઈ રાખી છે. આવતી વખતે તારે મોં વધુ સારી રીતે ધોવું પડશે."
પછી તે નજાનૂ માટે કપડાં લઈને આવી.

"તું કપડાં પહેરી લે પછી ઉપર આવીને અમારી સાથે ચા પીજે,"
કોર્નફ્લાવરે કહ્યું. "તને બહુ ભૂખ લાગી હશે ને?"
"ખૂબ જ!" નજાનૂએ સ્વીકાર્યું. "મને તો એટલી ભૂખ લાગી છે કે
આખો હાથી પણ ખાઈ જાઉં!"
"અરે બિચારો!" કોર્નફ્લાવરે સહાનુભૂતિથી કહ્યું. "ચાલ, હવે જલ્દી
તૈયાર થઈ જા. અમે બધા તારી રાહ જોઈ રહ્યા છીએ."



H. HocOB

HOBhIE 3HAKOMbIE

На хинди

N. Nosov

NEW FRIENOS

In Hindi



Hepe zon caeJf dH HO hH HPC'
H. Hocoa, Hpiiso› oueHHe Heauaïixii ii ero npyzeii. M. »,Qeï. nirr.•
l95B r. jan flo MKO:1 bHOCO R03PitC F8.



